
## પ્રકરણ : ૧૦



# સ્થાવર અને તેના કર્મોદયજન્ય દુઃખ

**પ્રકરણની રૂપરેખા**



- ✿ પ્રાસ્તાવિક :
- **૧. સ્થાવર કોને કહે છે ?**
- **૨. સ્થાવરના પ્રકાર અને તેની સમજૂતી**
- **૩. સ્થાવરના જીવનું સ્વરૂપ**
- **૪. સ્થાવરના કર્મોદયજન્ય દુઃખ**
- ✿ ઉપસંહાર.

जाणदि पस्सदि भुंजदि सेवदि पस्सिदिएण एक्केण ।
कुणंदि य तस्सामित्तं थावरु एइंदिओ तेणं ।।

**ભાવાર્થઃ એકેન્દ્રિય જીવને સ્થાવર કહે છે. સ્થાવર જીવો એક માત્ર સ્પર્શન ઈન્દ્રિય દ્વારા જ જાણે છે, દેખે છે, ખાય છે, સેવન કરે છે અને તેનું સ્વામીપણું કરે છે.** (ધવલ : ૧/૧, ૧, ૩૩/ગાથા ૧૩૫/૨૩૯)

સ્થાવર જીવોને એક માત્ર સ્પર્શન ઇન્દ્રિય જ હોય છે. તે આ સ્પર્શન ઇન્દ્રિય દ્વારા જ શીત કે ઉષ્ણ, હલકું કે ભારે, કોમળ કે કઠોર, સ્નિગ્ધ કે રૂક્ષ જેવા સ્પર્શને જાણે છે અને દેખે છે. સ્પર્શન ઇન્દ્રિય દ્વારા જ પોતાના આહારને ગ્રહણ કરે છે અને સ્પર્શના વિષયનું સેવન કરે છે. તે આ સ્પર્શન ઇન્દ્રિયરૂપ શરીરનું સ્વામીપણું ધરાવે છે. આ રીતે એક માત્ર સ્પર્શેન્દ્રિય દ્વારા પોતાની દેહધાર્મિક સઘળી ક્રિયાઓ કરનારા જીવોને સ્થાવર કહે છે.

સ્થાવર જીવો પાંચ પ્રકારના છેઃ ૧. પૃથ્વીકાય, ૨. પાણીકાય, ૩. અગ્નિકાય, ૪. વાયુકાય અને ૫. વનસ્પતિકાય. આ પૈકી પ્રથમ ચાર પ્રત્યેકકાયના હોય છે જ્યારે વનસ્પતિ કાયના જીવો પ્રત્યેક કાય ઉપરાંત સાધારણ કાયના પણ હોય છે. એક શરીરના આશરે એક જીવ હોય તેને પ્રત્યેક કાયના અને એક શરીરના આશ્રયે અનેક જીવો હોય તેને સાધારણ કાયના જીવ કહે છે. સાધારણ વનસ્પતિ કાયના જીવો પણ સ્થાવર અંતર્ગત હોવા છતાં તેઓ સંસારી જીવોનું રહેવાનું નિત્ય અને નિશ્ચિત સ્થાન હોવાથી તેની વિશેષ પ્રકારની ઓળખાણ 'નિગોદ' તરીકે હોય છે. આ નિગોદની ચર્ચા આ અગાઉના પ્રકરણ :૯ માં હોવાથી આ પ્રકરણમાં માત્ર પ્રત્યેક કાયના સ્થાવર જીવો અને તેના દુઃખોની ચર્ચા છે.

## સ્થાવર કોને કહે છે ?

**સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા સંસારી જીવને સ્થાવર કહે છે. સ્થાવર જીવો એકેન્દ્રિય હોય છે.**


સ્થાવર નામકર્મનું કાર્ય જીવને એક સ્થાન પર અવસ્થિત કે સ્થિર રાખવાનું હોય છે. તેથી સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા જીવો સામાન્ય રીતે હલન-ચલન વિનાના સ્થિર હોય તેવા જણાય છે. સ્થાવર જીવો ત્રસની માફક આપમેળે હલનચલન કરતા જણાતા નથી. પરંતુ આ જીવો બીજા કોઇની પ્રેરણા કે પ્રયોગથી હલનચલન પામતા હોય છે. આ રીતે અગ્નિકાય, વાયુકાય અને પાણીકાયના જીવોમાં હલન ચલન જોઇ શકાય છે. વનસ્પતિકાયના જીવો પણ પવનને કારણે હલનચલન પામતા જોઇ શકાય છે. તેના પાંદડા કે ફળ તૂટીને અહીંતહીં જતા જણાય છે. પૃથ્વીકાયના જીવોમાં પણ ધરતીકંપને કારણે હલનચલન હોય છે. આ કારણે સ્થિર હોય તે સ્થાવર અને હલનચલન કરે તે ત્રસ તેમ માનવું યોગ્ય નથી. પણ સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા જીવો સ્થાવર અને ત્રસ નામકર્મનો ઉદય ધરાવતા જીવો ત્રસ છે તેમ માનવું યોગ્ય છે.

## સ્થાવરનાં પ્રકાર અને તેની સમજૂતી

સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા સાધારણ કે પ્રત્યેક કાયના એકેન્દ્રિય જીવને સ્થાવર કહે છે. અહીં આપણે પ્રત્યેકકાયના સ્થાવરની ચર્ચા છે. તેનાં પાંચ પ્રકાર છે–

૧. પૃથ્વીકાય, ૨. પાણીકાય, ૩. અગ્નિકાય, ૪. વાયુકાય અને ૫. પ્રત્યેક વનસ્પતિકાય.

### ૧. પૃથ્વીકાય



**પૃથ્વી જ જેની કાયા છે તેવા પ્રત્યેક કાયના એકેન્દ્રીય જીવને પૃથ્વીકાયના જીવ કહે છે.**

પૃથ્વીકાયના સ્થાવર જીવો આપમેળે થતી કોઇ ક્રિયાથી

રહિત હોવાથી બહારથી સમજી શકાતા નથી. પણ રેતી, કાંપ વગેરેમાંથી ખડક, ખનીજ વગેરેનું જે બંધારણ બને છે તે જીવ વિના હોતું નથી. ડાભની અણીને કાપવાથી તે ફરીથી ઊગી નીકળે છે, તે તેના સજીવપણાને બતાવે છે, તેમ ખડક, પથ્થર વગેરે પૃથ્વીકાયને કાપવાથી તે ફરીથી વૃદ્ધિ પામે છે, તે તેના સજીવપણાને સિદ્ધ કરે છે.પૃથ્વી એટલે કે જમીન કે માટીમાં ઝીણી નજરે જોતા તેમાં હાલતા ચાલતાં અનેક જીવો જણાય છે તે ત્રસ જીવો છે પણ પૃથ્વીકાયના જીવો નથી.


પૃથ્વીકાયના જીવનું શરીર એક આંગળના અસંખ્યાતમાં ભાગ જેટલું ઘણું સૂક્ષ્મ હોય છે. તેથી તે આપણે નરી આંખે જોઇ શકતા નથી. મોટા પથ્થર અને પહાડરૂપે દેખાતા પૃથ્વીકાયનો જીવ વાસ્તવમાં અનેક પૃથ્વીકાયનો સમૂહ હોય છે. પૃથ્વીકાયનો આકાર મસૂરની દાળ જેવો લંબગોળ હોયછે.

### ૨. પાણીકાય



**પાણી જ જેની કાયા છે તેવા પ્રત્યેક કાયના એકેન્દ્રિય જીવને પાણીકાયના જીવ કહે છે.**


પાણી જ જેની કાયા છે, તે જીવો પાણીકાયનાં છે. જેમ ખોદેલી જમીનમાંથી સહજપણે ઉત્પન્ન થતોદેડકો સજીવ છે, તેમ ખોદેલી જમીનમાંથી ઉત્પન્ન થતું કૂવા, તળાવ વગેરેનું જમીન ઉપરનું જળ એ સજીવ છે. સમુદ્રના કે સરોવરનાં જળમાંથી સહજપણે ઉત્પન્ન થતી માછલી સજીવ છે. તેમ વાદળાનાં વિકારથી વરસતું આકાશમાંનું પાણી પણ સજીવ છે.પાણીનાં એક ટીપાંને હાઇપાવર માઇક્રોસ્કોપથી જોતા તેમાં હાલતા ચાલતાં અનેક જીવો જણાય છે. વૈજ્ઞાનિકોએ પાણીના એક ટીપામાં આવા ૩૬૪૫૦ જેટલા જીવો જોયા છે. પાણીમાં રહેલા આવા હાલતા ચાલતાં જીવો તે ત્રસ જીવો છે, પણ પાણીકાયનાં જીવો નથી.



પાણીના ટીપામાં દેખાતા ૩૬૪૫૦ ત્રસ જીવો

પાણીકાયનો જીવ ઘણો સૂક્ષ્મ હોય છે. અને તેનો આકાર પાણીનાં ટીપા જેવો ગોળ હોય છે. આપણને દેખાતું પાણીનું એક ટીપું એ અસંખ્ય પાણીકાયનાં જીવોના સમૂહથી રચાયેલું હોય છે. તેથી પાણીના એક ટીપામાં પણ અસંખ્યાત પાણીકાયના જીવો છે. આ પાણીને જાડા કપડાંથી ગાળવાથી તે અચેત બને છે. અને ગળાયેલા પાણીને ઉકાળવાથી તે વધુ સમય સુધી અચેત રહી શકે છે. અસંખ્ય પાણીકાયના જીવોની હિંસાથી બચવા પાણીને ગાળીને ઉપયોગમાં લેવું એ એક સામાન્ય જૈનાચાર છે.

### ૩. અગ્નિકાય



**અગ્નિ જ જેની કાયા છે તેવા પ્રત્યેક કાયના એકેન્દ્રિય જીવને અગ્નિકાયના જીવ કહે છે.**

અગ્નિકાયના સ્થાવર જીવોની કાયા અગ્નિ પોતે જ હોય છે. જેમ ખોરાકના કારણે મનુષ્યના અંગો પુષ્ટ થઇ વૃદ્ધિ પામે છે, તે મનુષ્યનું સજીવપણું દર્શાવે છે. તેમ ઇંધણનાં કારણે અગ્નિ પુષ્ટ થઇ વૃદ્ધિ પામે છે, તે અગ્નિનું સજીવપણું દર્શાવે છે. છાણાનો અગ્નિ દઝાડે છે, ઉદરાગ્નિ આહારને પચાવે છે અને દીવાનો અગ્નિ પ્રકાશે છે. અગ્નિનું આવું દાહક, પાચક અને પ્રકાશકપણું પણ તેના સજીવપણાને સૂચવે છે. લોખંડ ગાળવાની સતત પ્રક્રિયા ધરાવતી ભઠ્ઠીના ઊંચા તાપમાનમાં અગ્નિમાં રહેતા ઊંદર જેવા જીવો જોવા મળે છે, તે ત્રસકાયના જીવો છે પણ અગ્નિકાયના જીવો નથી.

અગ્નિકાયના જીવો પણ ઘણાં સૂક્ષ્મ હોય છે. અગ્નિનો એક તણખો પણ અસંખ્ય અગ્નિકાયના જીવોનો સમૂહ હોય છે. અગ્નિકાયના જીવના શરીરનો આકાર સોય જેવો માનવામાં આવ્યો છે.

### ૪. વાયુકાય



**વાયુ જ જેની કાયા છે તેવા પ્રત્યેક કાયના એકેન્દ્રિય જીવને વાયુકાયના જીવ કહે છે.**

વાયુ જ જેની કાયા છે, તેવા જીવ તે વાયુકાયના જીવ છે. વાયુની ગતિના કારણે પાચનક્રિયા પ્રવર્તે છે, અને વાયુના વિકારના કારણે વાયુજન્ય રોગો થાય છે, તે વાયુનું સજીવપણું સિદ્ધ

કરે છે. વાયુના સજીવપણાના કારણે જ તે બીજા જીવોના જીવન માટે પ્રાણવાયુ કહેવાય છે. હવામાં તરતાં નાનામોટાં અનેક જીવો હોય છે તે ત્રસ જીવો છે પણ વાયુકાયના જીવો નથી.

વાયુકાયના જીવો પણ ઘણાં સૂક્ષ્મ છે અને તેનો આકાર ધ્વજા જેવો લાંબો-ત્રાંસો માનવામાં આવે છે.

## ૫. વનસ્પતિકાય

**વનસ્પતિકાયની કાયા ધરાવનારા સાધારણ અને પ્રત્યેક એકેન્દ્રિય જીવને વનસ્પતિકાયના જીવ કહે છે.**



વનસ્પતિકાયના એકેન્દ્રિય જીવો બે પ્રકારના છે– ૧. સાધારણ વનસ્પાતકાય અન ૨. પ્રત્યેક વનસ્પતિકાય.

એક સૂક્ષ્મ શરીરના આશ્રયે એક સાથે અનેક જીવો રહેતા હોય તેને સાધારણ વનસ્પતિકાયના જીવો કહે છે. સાધારણ વનસ્પતિકાયનો જીવ નિગોદનો જીવ કહેવાય છે. નિગોદની એટલે કે સાધારણ વનસ્પતિકાયની ચર્ચા અગાઉના પ્રકરણમાં થઈ ગયેલ છે. આ પ્રકરણમાં પ્રત્યેક વનસ્પતિકાયની ચર્ચા છે. એક શરીરના આશરે એક જીવ હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય કહે છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં એક શરીરનો માલીક એક જીવ હોય છે. પરંતુ જે વનસ્પતિકાયમાં અમુક ભાગ પ્રત્યેક અને અમુક ભાગ સાધારણ કાયના નિગોદનો હોય તેને સપ્રતિષ્ઠિત કહે છે અને સાધારણકાયના નિગોદના જીવ વિનાની માત્ર પ્રત્યેક કાયની વનસ્પતિને અપ્રતિષ્ઠિત કહે છે.

પ્રત્યેક વનસ્પતિકાયનો સ્થાવર જીવ પણ સજીવ છે તે સમજી શકાય તેવું છે. કેટલીક વનસ્પતિને કાપવાથી કે અતિ ટાઢ-તાપના કારણે તેનામાં થતો વિકાર સ્પષ્ટપણે જાણી શકાય છે. કળશપર્ણ જેવી કીટકભક્ષી વનસ્પતિના કળશ આકારના પાંદડા તેમાં કીટક દાખલ થતા ઉપરનું ઢાંકણ આપમેળે બંધ કરી દયે છે. અને કળશમાંના કીટકનું ભક્ષણ થતા કળશ નીચે નમી ઢાંકણ ખોલી કીટકનાં ખોખાને બહાર કાઢી ફરીથી નવા કીટકનાં ભક્ષણની તૈયારી રૂપે કળશ ફરીથી ઉપર થઇ જાય છે. લજામણીના છોડને સ્પર્શ કરવાથી તેના પાંદડા બીડાઇ જાય છે. વનસ્પતિમાં જોવા મળતી આવી સંવેદનાઓ તેના સજીવપણાને બતાવે છે. ભારતીય વૈજ્ઞાનિક ડો. જગદીશચંદ્ર બોઝે અનેક પ્રયોગો વડે વનસ્પતિનું સજીવપણું સિદ્ધ કરેલ છે. તેથી વર્તમાન લૌકિક વિજ્ઞાન પણ વનસ્પતિનું સજીવપણું સ્વીકારે છે.

પ્રત્યેક વનસ્પતિકાયના વૃક્ષના આશ્રયે એક જીવ હોય છે. તે ઉપરાંત તેના ડાળા, પાંદડા, બીજ વગેરેના આશ્રયે પણ એક એક જુદો જીવ હોય છે. તેથી કેટલીક વનસ્પતિના ડાળા, પાંદડા કે બીજ રોપવાથી નવું સ્વતંત્ર વૃક્ષ વિકસે છે. તે તેમાં રહેલા સ્વતંત્ર જીવને દર્શાવે છે.

પ્રત્યેક વનસ્પતિકાયનો કોઇ ચોક્કસ કદ અને આકાર હોતો નથી. તેથી તે જુદા જુદા આકાર અને નાના-મોટાં કદમાં જોવા મળે છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટ અવગાહનાયુક્ત કમળ છે. તેની અવગાહના કંઇક અધિક એક હજાર યોજન (૧૨૮૦૦ કિ.મી.) છે. જે સ્વયંભૂરમણ દ્વીપ કે સમુદ્રના મધ્યવર્તીભાગમાં ઉત્પન્ન થાય છે.

## સ્થાવરના જીવનું સ્વરૂપ



**સ્થાવર નામકર્મનો ઉદય ધરાવતા એકેન્દ્રિય જીવને સ્થાવરના જીવ કહે છે.**

**પ્રકાર :** સ્થાવરના જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એમ પાંચ પ્રકારે હોય છે. આ પાંચેય પ્રકારના સ્થાવરના જીવો પર્યાપ્તક અને અપર્યાપ્તક એમ બંને પ્રકારે હોય છે. તેથી પર્યાપ્તક અને અપર્યાપ્તક એમ બંને પ્રકારે મળીને સ્થાવરના જીવો ૫×૨ = ૧૦ પ્રકારે થશે. તેમાં પ્રત્યેક વનસ્પતિકાયના પર્યાપ્તક અને અપર્યાપ્તક સિવાયના બાકીના સ્થાવરના જીવો બાદર અને સૂક્ષ્મ એમ બંને પ્રકારે હોય છે. જ્યારે પર્યાપ્તક અને અપર્યાપ્તક પ્રત્યેક વનસ્પતિકાયના જીવો માત્ર બાદર પ્રકારના જ હોય છે.

**પર્યાપ્તિ :** સ્થાવરના જીવોને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રકારની પર્યાપ્તિ હોય છે. તેમને એક માત્ર સ્પર્શન ઇન્દ્રિય હોય છે. તે સ્પર્શન ઇન્દ્રિય વડે સ્પર્શના વિષયને જાણે દેખે છે અને સ્પર્શના વિષયનું સેવન કરે છે. સ્પર્શન ઇન્દ્રિય વડે જ પોતાને યોગ્ય આહાર ગ્રહણ કરે છે અને

શ્વાસોચ્છ્વાસ કરે છે. સ્થાવર જીવોનું શરીર આહાર વર્ગણામાંથી બનેલ હોય તેવું ઔદારિક શરીર હોય છે.

જુદા જુદા પ્રકારના સ્થાવરના શરીરના કદ અને આકારની વાત આ અગાઉ આવી ગયેલ છે.

**ગતિ-લિંગ-સંખ્યા** : સંસારની ચાર ગતિ પૈકી સ્થાવરના જીવો તિર્યંચ ગતિના કહેવાય છે. તેમનો જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો હોય છે.




તેઓ નપુંસકલિંગધારી હોય છે અને સંપૂર્ણ લોકમાં સ્થાવરના જીવો હોય છે. સંસારી જીવોમાં સ્થાવરના એકેન્દ્રિય જીવો સૌથી વધુ હોય છે. સંપૂર્ણ ત્રસ રાશિના જીવો કરતાંય સંખ્યાતગુણા અધિક જીવો અગ્નિકાયના છે. અગ્નિકાયથી પૃથ્વીકાય, પૃથ્વીકાયથી પાણીકાય અને પાણીકાયથી વાયુકાયના જીવો વધુ છે. વાયુકાયના જીવોથી અનેકગણા જીવો પ્રત્યેક વનસ્પતિકાયના છે. આ રીતે સ્થાવરના જીવોમાં અગ્નિકાય, પૃથ્વીકાય, પાણીકાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાયના જીવોની સંખ્યા ઉત્તરોત્તર સંખ્યાતગુણી વધુ છે. આ બધાથી અનંતગણા અધિક જીવો સાધારણ વનસ્પતિકાયના નિગોદના હોય છે.

આયુષ્ય : સ્થાવરના જીવનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે. તેમાં બધાં પ્રકારના અપર્યાપ્તક સ્થાવરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે. તેથી એક મુહૂર્તની અંદર જ બધાં પ્રકારની પર્યાપ્તિ પૂરી થાય તે પહેલાં જ અપર્યાપ્તક સ્થાવર મરણ પામે છે. એક પણ પ્રકારની પોતાને પ્રાપ્ત પર્યાપ્તિ પૂરી કર્યા પહેલા મરણ પામનાર અપર્યાપ્તકને ક્ષુદ્રભવ કહે છે. સ્થાવરના આવા ક્ષુદ્ર ભવો અંતર્મુહૂર્તમાં ૬૦૧૨ વખત હોઈ શકે છે.

બધાં પ્રકારના પર્યાપ્તક સ્થાવરમાં જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ આયુષ્યમાં પૃથ્વીકાયના કોમળ જીવોનું બાર હજાર વર્ષ અને કઠોર જીવનું બાવીસ હજાર વર્ષનું છે. પાણીકાયના પર્યાપ્તક જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષ અને અગ્નિકાયનું ત્રણ દિવસનું છે. વાયુકાયનું વધારેમાં વધારે આયુષ્ય ત્રણ હજાર વર્ષ સુધીનું માનવામાં આવ્યું છે અને પ્રત્યેક વનસ્પતિકાયના પર્યાપ્તક જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દશ હજાર વર્ષ સુધીનું હોય છે.

**ગતિ-આગતિ** : બીજી કોઈપણ ગતિમાંથી સ્થાવરનો અવતાર ધારણ થઈ શકે છે અને સ્થાવરમાંથી નીકળેલો જીવ સામાન્ય રીતે વિકલેન્દ્રિયમાં જન્મ પામે છે.

**સ્થાવરમાં ઉપજવાનું કારણ** : પ્રત્યેકકાયના સ્થાવરમાં અવતાર ધારણ કરનારો જીવ મહા મિથ્યાદૃષ્ટિ અને તીવ્ર કષાયી હોય છે. પ્રત્યેકકાયના સ્થાવરમાં જન્મ ધારણ કરનારો વારંવાર સ્થાવરમાં જ જન્મ-મરણ કરતો રહે છે અને ઉત્કૃષ્ટપણે અઢી પુદ્ગલ પરાવર્તનનાં કાળ પછી તેમાંથી બહાર આવી ત્રસ પર્યાયને પામી શકે છે. અને ત્યાં સુધી એકેન્દ્રિય અવસ્થાના ઘોર દુઃખોને ભોગવે છે.

*પ્રત્યેકકાયના સ્થાવરના જીવોમાં કર્મોદયજન્ય દુઃખની મુખ્યતા છે. તેથી અહીં કર્મોદયજન્ય દુઃખનું સ્વરૂપ સ્થાવર જીવોના આધારે સમજાવવામાં આવે છે.*

## સ્થાવર જીવના કર્મોદયજન્ય દુઃખ

અનુષ્ટુપ


तत्सर्वं सर्वत: कर्म, पौदगलिकं तदष्टधा।

वैपरीत्यात्फलं तस्य, सर्वं दु:खं विपच्यत:।।

**ભાવાર્થ** : સર્વ પ્રકારના એ બધાંય કર્મો પૌદ્ગલિક છે અને તે આઠ પ્રકારના છે. પકવ થઈને ઉદયમાં આવતાં તે બધાંય કર્મોનાં ફળો વિપરીત અને દુઃખરૂપ હોય છે. (પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૪૦)

જીવના વિકારી ભાવના નિમિત્તે કાર્માણવર્ગણાથી રચાયેલ આઠ પ્રકારના પૌદ્ગલિકકર્મ જીવની સાથે બંધાય છે અને તે કર્મ પકવ થઈને ઉદયમાં આવતા તેના નિમિત્તે જીવ દુઃખને જ પામે છે. આઠેય પ્રકારના કર્મનાં ઉદયનું ફળ જીવને વિપરીત જ છે. એવું નથી કે પાપકર્મના ઉદયનું ફળ દુઃખરૂપ છે અને પુણ્યકર્મનાં ઉદયનું ફળ સુખરૂપ છે. પરંતુ પાપ કે


પુણ્ય હોય એવા કોઇ પણ પ્રકારના કર્મનું ફળ કોઇ પણ પ્રકારના અપવાદ વગર જીવને દુઃખરૂપ જ છે. આત્માના જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ચારિત્ર જેવા ગુણને ઘાતનાર અનુક્રમે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય જેવા કોઇ અમુક ખાસ પ્રકારના કર્મ હોય છે. પરંતુ આત્માના સુખ ગુણને ઘાતનાર કોઇ ખાસ પ્રકારનું કર્મ નથી પણ સઘળાંય કર્મો આત્માના સુખ ગુણને ઘાતનાર છે. તેથી દરેક પ્રકારના કર્મનાંઉદયનું ફળ જીવને દુઃખરૂપ જ હોય છે.



સઘળાં સંસારી જીવોને જે પ્રકારના કર્મનો ઉદય હોય છે, તે પ્રકારના કર્મોદયજન્ય દુઃખ પણ હોય છે. સ્થાવર જીવોમાં અને તેમાંય ખાસ કરીને પ્રત્યેકકાયના જીવોમાં કર્મોદયજન્ય દુઃખની મુખ્યતા છે. તેથી સ્થાવર જીવોના દુઃખનું વર્ણન તેનાં કર્મોદયજન્ય દુઃખના આધારે આપવામાં આવે છે. કર્મનાં આઠ પ્રકાર આ પ્રમાણે છે–

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મો તેમજ વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો મળીને કુલ આઠ પ્રકારના કર્મો છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મનું કામ લગભગ એકસરખું હોવાથી તેઓને સાથે લઇને અને મોહનીયકર્મમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મનું કામ જુદા પ્રકારનું હોવાથી તેમને જુદા લઇને કર્મોદયજન્ય દુઃખ નીચે પ્રમાણે દર્શાવવામાં આવે છે.


૧. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મોદયજન્ય દુઃખ
૨. દર્શનમોહનીય કર્મોદયજન્ય દુઃખ
૩. ચારિત્રમોહનીય કર્મોદયજન્ય દુઃખ
૪. અંતરાય કર્મોદયજન્ય દુઃખ
૫. વેદનીય કર્મોદયજન્ય દુઃખ
૬. આયુ કર્મોદયજન્ય દુઃખ
૭. નામ કર્મોદયજન્ય દુઃખ
૮. ગોત્ર કર્મોદયજન્ય દુઃખ



## ૧.જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મોદયજન્ય દુઃખ

**આત્માની જ્ઞાન-દર્શનની શક્તિને રોકી કે રૂંધી નાખનાર કર્મ તે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મ છે.**

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મનાં ઉદયના કારણે જીવની જાણવા-દેખવાની શક્તિ રૂંધાઇ જાય છે અને તેના ક્ષયોપશમથી તેની કાંઇક પ્રગટતા થાય છે.



સ્થાવરના જીવોને જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ અત્યંત અલ્પ છે. તેથી તેમની જ્ઞાન-દર્શનની શક્તિ બહુ ઓછી હોય છે. એક માત્ર સ્પર્શન ઇન્દ્રિયના નિમિત્તથી થયેલું મતિ-શ્રુતજ્ઞાન અને સ્પર્શન ઇન્દ્રિયથી થયેલ અચક્ષુદર્શન વડે તે શીત-ઉષ્ણાદિકને કાંઇક જાણે-દેખે છે. તેમનું આ જાણવું- દેખવું ખૂબ જ અલ્પ હોવાથી તે તેમના દુઃખનું જ કારણ બને છે.

સ્થાવરના જીવોને એક માત્ર સ્પર્શન ઇન્દ્રિય હોય છે. પણ તેમને સ્પર્શાદિ સઘળાં વિષયોની લોલુપતા હોય છે. તેમના જ્ઞાન-દર્શનનો ઉઘાડ અત્યંત અલ્પ છે અને તેના કારણે તેમના વડે સ્પર્શન ઇન્દ્રિયના વિષયની પ્રવૃત્તિ પણ થઇ શકતી નથી. આ કારણે આ જીવો મહાદુઃખી જાણવા.


આ રીતે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મોદયજન્ય અવસ્થા સ્થાવરના જીવોના મહાદુઃખનું કારણ જાણવું.

## ૨. દર્શનમોહનીય કર્મોદયજન્ય દુઃખ

**આત્માના શ્રદ્ધાન ગુણની વિપરીતતાનું કારણ દર્શનમોહનીય કર્મ છે.**

દર્શનમોહનીય કર્મનાં ઉદયના કારણે આત્માના શ્રદ્ધાન ગુણનો ઘાત થઇ મિથ્યાત્વ હોય છે અને તેના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયના કારણે જીવના મિથ્યાત્વનો અભાવ થઇ સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે.

સ્થાવરના જીવને દર્શનમોહનીયકર્મનો ઉપશમ,



ક્ષયોપશમ કે ક્ષય સંભવતો નથી અને તેમને તેનો તીવ્ર ઉદય હોય છે. દર્શન મોહનીય કર્મનાં તીવ્ર ઉદયના કારણે સ્થાવરના જીવને તીવ્ર મિથ્યાત્વ પ્રવર્તે છે. આ જગતમાં મિથ્યાત્વ એ જ મોટામાં મોટું પાપ છે, અને બધા પ્રકારના દુઃખનું મૂળ કારણ છે. મિથ્યાત્વનાં કારણે તે પોતાને શરીર અને તેની વર્તમાન અવસ્થાપણે માને છે. પર્વત જેવા પૃથ્વીકાયાદિના શરીર અને તે સંબંધિત શીત્-ઉષ્ણાદિ સંજોગોમાં શરીર અને સંયોગોમાં તન્મયપણું અનુભવતો સ્થાવરનો જીવ તેની પ્રતિકૂળતના કારણે મહા ખેદખિન્ન થઇ મહાદુઃખ પામે છે. વળી સ્થાવરના જીવને જ્ઞાનનો એવો ક્ષયોપશમ પણ હોતો નથી કે જેથી પોતાના સ્વરૂપની સમજણ કરી મિથ્યાત્વને દૂર કરી શકે. પોતાના સ્વરૂપની સાચી સમજણ કરવાની શક્તિ અને યોગ્યતા વગરનો સ્થાવરનો જીવ મિથ્યાત્વને જ વધુ દૃઢ કરી પોતાના દુઃખને જ વધુ દૃઢ બનાવે છે.

આ રીતે સ્થાવરના જીવની દર્શનમોહનીય કર્મોદયજન્ય અવસ્થા પણ દુઃખરૂપ જાણવી.

### ૩. ચારિત્રમોહનીય કર્મોદયજન્ય દુઃખ

**આત્માના અકષાયી વીતરાગ ચારિત્ર ગુણનો ઘાત કરનાર ચારિત્રમોહનીય કર્મ છે.**

ચારિત્રમોહનીય કર્મનાં ઉદયના કારણે જીવના ચારિત્ર ગુણનો ઘાત થઇ ક્રોધાદિ કષાય હોય છે અને તેનાં ક્ષયોપશમથી તેનો આંશિક અભાવ અને ઉપશમ કે ક્ષયથી સંપૂર્ણ અભાવ હોય છે.

સ્થાવરના જીવોને ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય સંભવતો નથી અને તેમને તેનો તીવ્ર ઉદય જ હોય છે. ચારિત્રમોહનીય કર્મનાં તીવ્ર ઉદયના કારણે તેમને ક્રોધાદિ કષાયોની તીવ્રતા જ રહ્યા કરે છે. કાયમ માટે કષાયની તીવ્રતાના કારણે તેમને કાયમ માટે કૃષ્ણ, નીલ કે કાપોત જેવી અશુભલેશ્યા જ હોય છે.

આ અશુભ લેશ્યા કષાયની ઘણી તીવ્રતા હોય ત્યારે જ હોય છે અને કષાયની આ તીવ્રતા તેમના દુઃખની જ તીવ્રતા છે.



સ્થાવરના જીવોને કષાય ઘણો તીવ્ર છે. પણ શક્તિ ઘણી અલ્પ છે. તેથી તેઓ પોતાના કષાય અનુસારનું કોઇ કાર્ય કરી શકતા નથી કે તે કષાયને પ્રગટ પણ કરી શકતા નથી અને તેથી પણ તેઓ મહા દુઃખી જાણવા.

**પ્રશ્ન : સ્થાવરના જીવોનો કષાય બહારમાં પ્રગટ દેખાતો નથી. તો પછી તેમને તીવ્ર કષાયી અને તેના કારણે મહાદુઃખી કેમ જાણવા ?**

**ઉત્તર :** સ્થાવરના જીવો પોતાના કષાય અનુસાર કોઇ કામ કરે, તેનો કોઇ ઉપાય કરે તો તેમનો કષાય બહારમાં પ્રગટ થાય. પરંતુ તેઓ શક્તિહીન હોવાથી તેમ કરી શકતા નથી. જેમ કોઇ માણસ ઘણો કષાયી હોય પણ પોતે નબળો હોવાથી પોતાનો કષાય બહારમાં પ્રગટ ન કરી શકે તેમ અહીં પણ જાણવું. અથવા જેમ કોઇ બેભાન માણસ કે સન્નિપાતનો રોગી પોતાનું જ્ઞાન ઘણું ઘટી જવાથી શક્તિહીન હોય છે અને તેના કારણે તે પોતાનો કષાય અને તેના કારણે થતું દુઃખ બહારમાં પ્રગટ કરી શકતો નથી તોપણ તે તીવ્ર કષાયી અને મહા દુઃખી જ હોય છે, તેમ સ્થાવરના જીવ માટે પણ જાણવું.

વાસ્તવમાં જીવની કષાયની તીવ્રતા જ તેમના જ્ઞાન અને સામર્થ્યની હીનતા અને તેમના દુઃખની તીવ્રતાને દર્શાવે છે. તેથી સ્થાવરના જીવોના જ્ઞાન અને સામર્થ્યની અત્યંત હીનતા જ તેમના કષાય અને તેના કારણે થતા દુઃખની અત્યંત તીવ્રતાને દર્શાવે છે.

**પ્રશ્ન : સ્થાવરના જીવોના જ્ઞાન અને સામર્થ્યની અત્યંત હીનતા જ તેમના કષાય અને તેના કારણે થતા દુઃખની અત્યંત તીવ્રતાને કઇ રીતે દર્શાવે છે?**

**ઉત્તર :** સ્થાવરના જીવોનું જ્ઞાન અને સામર્થ્ય અત્યંત હીન છે તે બાબત સમજી શકાય છે. હવે જીવના જ્ઞાન અને સામર્થ્યની હીનતા તેમના કષાયની તીવ્રતાના

કારણે જ હોય છે અને કષાયની તીવ્રતા તે દુઃખની તીવ્રતા છે.

જીવને જેમ કષાય ઓછો તેમ કષાય અનુસાર કાર્ય કરવાનું સામર્થ્ય અને જ્ઞાન વધુ હોય છે અને તેનું દુઃખ ઓછું હોય છે. આ રીતે સ્વર્ગનાં દેવોને કષાય ઓછો અને સામર્થ્ય તેમ જ જ્ઞાન વધુ હોવાથી તેનું દુઃખ ઓછું હોય છે. દેવ કરતાં મનુષ્યોને કષાય વધુ અને સામર્થ્ય તેમજ જ્ઞાન ઓછું હોવાથી તેઓ દેવ કરતાં વધુ દુઃખી હોય છે. આ રીતે ઉત્તરોત્તર પશુ, નારકી અને વિકલેન્દ્રિયના જીવો ઉત્તરોત્તર વધુ દુઃખી હોય છે. અને એકેન્દ્રિયના જીવો સૌથી વધુ દુઃખી હોય છે. કેમ કે, તેમનો કષાય ઘણો તીવ્રતમ અને સામર્થ્ય અને જ્ઞાન નહીંવત હોય છે, આ જ બાબત નીચે મુજબ કોઠામાં દર્શાવી શકાય છે.

| ક્રમ | જીવનો પ્રકાર | કષાયની માત્રા | સામર્થ્ય અને જ્ઞાનની માત્રા | દુઃખની માત્રા |
|---|---|---|---|---|
| ૧ | સ્વર્ગના દેવ | ઓછી | ઘણી | ઓછી |
| ૨ | મનુષ્ય | વધુ | ઓછી | વધુ |
| ૩ | પશુ | ઘણી વધુ | વધુ ઓછી | ઘણી વધુ |
| ૪ | નારકી | તીવ્ર | ઘણી ઓછી | તીવ્ર |
| ૫ | વિકલેન્દ્રિય | તીવ્રતર | એકદમ ઓછી | તીવ્રતર |
| ૬ | એકેન્દ્રિય (સ્થાવર અને નિગોદ) | તીવ્રતમ | નહીંવત્ | તીવ્રતમ |

**પ્રશ્ન : સ્થાવરના જીવોનું જ્ઞાન અને સામર્થ્ય નહીંવત્ છે, તો તેઓ શું કષાય કરે ? કેવી રીતે કરે?**

**ઉત્તર :** જ્ઞાન અને સામર્થ્ય હોય તો જ કષાય થાય એવો કોઇ નિયમ નથી. કોઇ આંધળો અને નબળો માણસ હોય તો તેનું જ્ઞાન અને સામર્થ્ય બીજા માણસ કરતાં ઓછું છે. તોપણ તેનો કષાય બીજા માણસ કરતાં વધુ હોય તેમ પણ જોવા મળે છે. સ્થાવરના એકેન્દ્રિય જીવોનું જ્ઞાન અને સામર્થ્ય નહીંવત્ છે તોપણ તેમનો કષાય ઘણો હોય છે. તેનું કારણ મોહનીય કર્મ અને જ્ઞાનાવરણીય કર્મને એવો સંબંધ વિશેષ છે કે ચારિત્રમોહનીય કર્મનાં ઉદયના કારણે કષાય વધતો જાય તેમ જ્ઞાનાવરણીય કર્મનાં ક્ષયોપશમના કારણે થતું જ્ઞાન ઘટતું જાય છે. સામાન્ય સંજોગોમાં પણ કોઇ માણસનો ક્રોધાદિ કષાય વધી જાય તે સમયે તેનું જ્ઞાન કુંઠિત થતું જોવામાં આવે છે. સ્થાવરના જીવોનું જ્ઞાન કાયમ માટે કુંઠિત જ છે અને તે તેમના કષાયની કાયમ માટેની તીવ્રતા જ દર્શાવે છે. સ્થાવરના જીવોનું કર્મોદયને વશપણું જ તેમનો કષાય છે. આ કષાય આત્માના પરિણામ છે.

આ રીતે સ્થાવર જીવોની જ્ઞાન અને સામર્થ્યની અલ્પતા જ તેમના કષાયની તીવ્રતા દર્શાવે છે. અને નહિવત જ્ઞાન અને સામર્થ્યના કારણે જ તેઓ પોતાનો કષાય બહાર પ્રગટ કરી શકતા નથી.

ઉપર જણાવ્યા અનુસાર ચારિત્ર મોહનીયકર્મના ઉદયના કારણે સ્થાવરના જીવોને તીવ્રતમ કષાય અને નહિવત્ જ્ઞાન-સામર્થ્ય હોય છે. જેના કારણે તેઓ મહાદુઃખી જાણવા.

## ૪. અંતરાય કર્મોદયજન્ય દુઃખ

**આત્માની દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યની શક્તિની પ્રગટતામાં વિઘ્ન, બાધા કે અટકાવ કરનાર કર્મને અંતરાય કર્મ કહે છે.**

અંતરાય કર્મના ઉદયના કારણે જીવ જે ઇચ્છે તે સાધન થતું નથી અને તેના ક્ષયોપશમ અનુસાર કિંચિત્ સાધન થાય છે.



અંતરાય કર્મનો ઉદય જીવના દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય સંબંધિત ઇચ્છાના સાધનમાં અટકાવ કરનારો છે. તેથી અંતરાય કર્મનાં ઉદયના કારણે જીવ દાન આપવા ઇચ્છે પણ તે આપી શકે નહિ. લાભ લેવા ઇચ્છે પણ લઇ શકે નહિ. ભોગ ભોગવવા ઇચ્છે પણ ભોગવી શકે નહિ. ઉપભોગ લેવા ઇચ્છે પણ લઇ શકે નહિ. કોઇ કાર્યનો ઉત્સાહ ઉપજે પણ તે ફોરવાય નહિ. અને અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર તેનું કોઇક સાધન થાય છે.

**પ્રશ્ન : ઈચ્છા અનુસારનું સાધન ન થાય તેને અશાતા વેદનીયનાં પાપકર્મનો ઉદય કહેવાય પણ તે અંતરાય કર્મનો ઉદય કઇ રીતે ?**

**ઉત્તર :** ઇચ્છા અનુસારની સામગ્રી કે તેનું સાધન ન હોય તેને અશાતા વેદનીયનાં પાપકર્મનો ઉદય કહેવાય. પણ અહીં સામગ્રી કે સાધન હોવા છતાં તે અનુસારનું કાર્ય ન બને તેને અંતરાય કર્મનો ઉદય કહેવાય. અશાતા વેદનીયના પાપકર્મનો ઉદય એ અઘાતિ કર્મનો

ઉદય છે. અને તેના કારણે બહારની અનુકૂળ સાધન-સામગ્રી હોતી નથી. પણ અંતરાય કર્મનો ઉદય એ ઘાતિકર્મનો ઉદય છે અને તેના કારણે આત્માની અંદરની શક્તિનો ઘાત હોય છે. પોતાને દાન દેવાની ઇચ્છા છે પણ દાનમાં આપવા માટેના પૈસા ન હોય અને દાન ન આપી શકે તો તે અશાતા વેદનીય કર્મનો પાપનો ઉદય છે. પણ દાન દેવા માટેની ઇચ્છા છે અને દાનમાં આપવા માટેના પૈસા પણ છે તેમ છતાં પણ પોતે દાન ન કરી શકે તો તે અંતરાયકર્મનો ઉદય છે.

પોતાને દાન દેવાની ભાવના હોય પણ ઘરનાં બીજા લોકો તેને અટકાવે તો અજ્ઞાનીને એમ લાગે છે કે આ લોકો મને દાન આપતાં રોકે છે. પણ વાસ્તવમાં ત્યાં સાચું કારણ પોતાનો જ અંતરાય કર્મનો ઉદય છે. કોઇ કૂતરાને ખાવાનું ખાતા કોઇ લાકડી મારીને રોકે તો કૂતરો તે લાકડી પ્રત્યે દ્વેષ કરી તેને બચકું ભરવા જાય છે પણ વાસ્તવમાં તે રોકનારો માણસ કોઇ જુદો જ હોય છે. તેમ પોતાને દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય શક્તિનો પ્રયોગ કરતાં કોઇ બહારનો ચેતન કે અચેતન પદાર્થ વિઘ્ન કરતો દેખાય પણ વાસ્તવમાં તે વિઘ્ન કરનાર પોતાનો જ અંતરાય કર્મનો ઉદય છે.



સ્થાવરના અગ્નિકાયાદિ જીવોને અંતરાય કર્મનો આકરો ઉદય હોય છે અને તેનો ક્ષયોપશમ હોતો નથી. કદાચિત્ ક્ષયોપશમ હોય તોપણ તે ઘણો અલ્પ હોય છે તેથી તેની ઇચ્છા અનુસારનું કોઇ સાધન થતું નથી.

સ્થાવરના જીવોને મોહના કારણે દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય સંબંધી ઇચ્છા ઘણી હોય છે પણ પાપનાં ઉદયના કારણે તેની સામગ્રી નહિવત્ છે અને અંતરાય કર્મના ઉદયના કારણે તેનું પણ સાધન થતું નથી તેથી તેઓ મહાદુઃખી હોય છે.

આ રીતે અંતરાય કર્મનો ઉદય પણ સ્થાવરના જીવોના દુઃખનું કારણ જાણવો.


અહીં સુધી આત્માના સ્વભાવનો ઘાત કરનાર ઘાતિ કર્મોને કારણે થતું દુઃખ જોયું, હવે અઘાતિ કર્મો પણ દુઃખનું કારણ છે તે જોઇશું.

## ૫. વેદનીય કર્મોદયજન્ય દુઃખ

**અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો અપાવી જીવને સાંસારિક સુખ-દુઃખનું વેદન કરાવે તે વેદનીયકર્મ છે.**

વેદનીયકર્મ શાતા અને અશાતા એમ બે પ્રકારે છે. શાતાવેદનીય કર્મનાં ઉદયથી શરીર અને અન્ય સંયોગોમાં સાનુકૂળતા હોય છે અને મોહના કારણે જીવ તેમાં ભ્રાંતિજન્ય સુખ અનુભવે છે. અશાતાવેદનીય કર્મના ઉદયથી તેમાં પ્રતિકૂળતા હોય છે અને મોહના કારણે જીવ તેમાં દુઃખ અનુભવે છે.

સ્થાવરના જીવોને મુખ્યત્વે અશાતાવેદનીયનો જ ઉદય હોય છે અને કદાચિત્ શાતાવેદનીયનો ઉદય હોય તોપણ તે બિલકુલ બળવાન હોતો નથી.



અશાતાવેદનીયના આકરા ઉદયના કારણે સ્થાવરના જીવો અત્યંત દુઃખી હોય છે.

અશાતાવેદનીયના ઉદયના કારણે સ્થાવરનાં પૃથ્વીકાયના જીવોને કોઇ ખોદે છે, પાણીકાયના જીવોને કોઇ ઉકાળે છે, અગ્નિકાયના જીવોને કોઇ બૂઝાવે છે, વાયુકાયના જીવોને કોઇ પંખાથી ચલાવે છે. સ્થાવરના પ્રત્યેક વનસ્પતિકાયના જીવોને કોઇ તોડે છે, કાપે છે, છેદે છે, ભેદે છે, મસળે છે, બાફે છે અને ખાઇ પણ જાય છે. ક્યારેક કુદરતી રીતે પણ આ જીવો ઠંડીથી ઠૂંઠવાઇ જાય છે, ગરમીથી બળી જાય છે અને પાણી ન મળવાથી સૂકાઇ જાય છે. વાવાઝોડા સમયે આ જીવો ત્રાહિમામ પોકારે છે.

મનુષ્યને આવી પ્રતિકૂળ અવસ્થાના કારણે દુઃખ થાય છે તેમ સ્થાવરને પણ આવી પ્રતિકૂળ અવસ્થાના કારણે દુઃખી જાણવા.

**પ્રશ્ન :** મનુષ્યને પ્રતિકૂળ અવસ્થાના કારણે થતું દુઃખ જોઇ શકાય છે પણ સ્થાવરના જીવનું દુઃખ જોઇ શકાતું નથી. તો તેને દુઃખી કેમ જાણવા ?

**ઉત્તર :** સ્થાવરના જીવોને એક માત્ર સ્પર્શન ઇન્દ્રિયનો અલ્પ ઉઘાડ છે. તેમનો મોહ ઘણો તીવ્ર

અને જ્ઞાન ઘણું અલ્પ છે. તીવ્ર મોહ અને અલ્પ જ્ઞાનને કારણે તેઓ હંમેશા ભાન વગરના એટલે કે બેભાન હોય છે. જેમ બેભાન માણસ પોતાના દુઃખને પ્રગટ કરી શકતો નથી તોપણ તે ઘણો દુઃખી હોય છે, તેમ સ્થાવરના જીવો માટે પણ સમજવું. વળી સ્થાવરના જીવો સ્પર્શેન્દ્રિયના અલ્પ ઉઘાડને કારણે પોતાનું દુઃખ પ્રગટ કરવાની શક્તિ અને યોગ્યતા ધરાવતા નથી. તેથી તેઓમાં દુઃખને કારણે ભાગી જવાની, લડવાની કે પોકાર કરવાની કોઇ શક્તિ કે યોગ્યતા હોતી નથી. તેથી પણ તેમનાં દુઃખો બહારથી જાણી શકાતા નથી.

આ રીતે વેદનીયકર્મનાં ઉદયના કારણે પણ સ્થાવરના જીવોને દુઃખી જાણવા.

## ૬. આયુ કર્મોદયજન્ય દુઃખ

**સંસારી જીવને પોતાની ગતિને યોગ્ય શરીરમાં જન્મથી મરણ સુધીના નિયત ગાળામાં ટકાવી રાખનાર આયુ કર્મ છે.**

આયુ કર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું જીવન અને તેના ક્ષયના કારણે તેનું મરણ હોય છે.

સંસારી જીવનું જીવિતવ્ય અને ભવધારણનું કારણ આયુ કર્મ છે. અજ્ઞાની જીવ આયુનાં ક્ષયને પોતાનું મરણ સમજે છે. આયુષ્ય પુરું થતા પોતાનું મરણ થશે તેમ માનીને અજ્ઞાની જીવ મરણના ભયથી સદાય આકૂળ રહે છે. મરણ ઉપરાંત મરણનું કારણ હોય તેવી વેદના, અકસ્માત વગેરેનો ભય પણ તેને સતાવ્યા કરે છે. આયુ કર્મનાં કારણે આવો ભયાક્રાંત જીવ સુખી કયાંથી હોય ? ન જ હોય.

અજ્ઞાની જીવ આયુનાં ઉદયને પોતાનું જીવન માને છે. પણ વાસ્તવમાં આયુનો ઉદય આત્માના સામર્થ્ય અને તેની સ્વતંત્રતાને હણનાર છે અને તેથી તે દુઃખનું જ કારણ છે.


સ્થાવરના જીવોમાં મોટા ભાગનું આયુષ્ય અલ્પ હોય છે અને સ્થાવરની અવસ્થામાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ અઢી પુદ્‌ગલ પરાવર્તન સુધીનો હોય છે. તેથી એક વાર સ્થાવર પર્યાયમાં ઉત્પન્ન થયેલો જીવ વારંવાર જન્મ-મરણ પામી તેનું અનંત દુઃખ ભોગવે છે.

આ રીતે આયુ કર્મનો ઉદય પણ સ્થાવરના જીવના દુઃખનું કારણ જાણવો.

## ૭. નામ કર્મોદયજન્ય દુઃખ

**જીવના શુદ્ધ સ્વભાવને આચ્છાદિત કરીને તેનું ત્રસ, સ્થાવર જેવું નામકરણ કરનાર નામ કર્મ છે. નામ કર્મના ઉદયના કારણે સંસારી જીવની ગતિ, જાતિ, શરીર વગેરે હોય છે.**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના એકેન્દ્રિય જીવો સ્થાવર નામ કર્મનો ઉદય ધરાવે છે. નામકર્મનાં ઉદયના કારણે સ્થાવર જીવને તિર્યંચ ગતિ, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર વગેરે હોય છે. આવા અશુભ નામકર્મનાં ઉદયના કારણે હલકા પ્રકારની ગતિ, જાતિ, શરીર વગેરેને કારણે સ્થાવરના જીવો દુઃખી હોય છે.



શુભ કે અશુભ કોઇ પણ પ્રકારનો નામકર્મનો ઉદય જીવને ગતિ, જાતિ વગેરેમાં જકડી રાખી તેના સામર્થ્ય અને સ્વતંત્રતાને હણી નાખે છે. જેમ કોઇ તોફાન કરવાની સજાના કારણે એક ગધેડાના પગને બીજાની સાથે બાંધી રાખવામાં આવે છે. તેથી બંનેએ સાથે કામ કરવું પડે છે અને પોતાની મરજી મુજબનું કામ થતું નથી. તેથી તેઓનું સામર્થ્ય અને સ્વતંત્રતા હણાઇ જાય છે. તેમ નામકર્મનાં કારણે જીવનું સામર્થ્ય અને સ્વતંત્રતા હણાઇ જાય છે અને તે પોતાની મરજી મુજબ વર્તી શકતું નથી. પણ ગતિ, જાતિ વગેરેને અનુરુપ કાર્ય કરવું પડે છે. તેથી નામકર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ છે.

આ રીતે નામકર્મનાં ઉદયના કારણે પણ સ્થાવરના જીવો દુઃખી જ જાણવા.

## ૮. ગોત્ર કર્મોદયજન્ય દુઃખ

**સંસારી જીવના ગોત્ર કે કુળનું કારણ ગોત્ર કર્મ છે. શુભ અને અશુભ ગોત્ર કર્મનાં ઉદયના કારણે જીવને ઊંચુ કે નીચું કુળ હોય છે.**

સ્થાવર જીવને ગોત્ર કર્મનો ઉદય અશુભ પ્રકારનો જ હોય છે અને તેથી તેને નીચ ગોત્રની પ્રાપ્તિ હોય છે. ગોત્ર કર્મની આવી અવસ્થાના કારણે સ્થાવરના જીવો દુઃખી હોય છે.

આત્માનું વાસ્તવિક કુળ વીતરાગતા છે. પણ ગોત્ર કર્મનાં કારણે બાપદાદાના વંશ સંબંધી ગોત્ર મળે છે. આથી ગોત્ર કર્મ આત્માના વીતરાગતાના કુળનો પરાભવ કરનારો છે. તેથી ગોત્રકર્મનો ઉદય પણ જીવના દુ:ખનું જ કારણ છે.

આ રીતે ગોત્ર કર્મનાં ઉદયના કારણે પણ સ્થાવરના જીવોને દુ:ખી જાણવા.



ઉપર મુજબ કર્મોદયજન્ય દુ:ખને કારણે સ્થાવરના જીવોને મહાદુ:ખી જાણવા. સ્થાવરના ભયાનક દુ:ખને હજારો જીભો વડે હજારો વર્ષો સુધી કહેવામાં આવે તોપણ કહી શકાતું નથી. તેમના અનેક પ્રકારના દુ:ખ પૈકી કર્મોદયજન્ય દુ:ખની આ ઝલક જ જાણવી.

## ઉપસંહાર

### એકેન્દ્રિય જીવને સ્થાવર કહે છે.



મહા મિથ્યાત્વ, તીવ્ર કષાય અને જ્ઞાનની વિરાધનાના ફળમાં સ્થાવર પર્યાયમાં ઉપજવાનું કારણ બને છે. અને મહા મિથ્યાત્વ, તીવ્ર કષાય અને નહિવત્ જ્ઞાનના કારણે જ સ્થાવરના જીવો મહા દુ:ખી હોય છે. સઘળાં પ્રકારના સંસારી જીવોને સઘળાં પ્રકારનાં દુ:ખો હોય છે. સ્થાવરના જીવોને પણ સઘળાં પ્રકારના દુ:ખો હોય છે. પણ તેમાં પ્રત્યેકકાયના સ્થાવરના જીવને કર્મોદયજન્ય દુ:ખની પ્રધાનતા હોવાથી કર્મોદયજન્ય દુ:ખનાં વર્ણન માટે અહીં સ્થાવરનો પ્રત્યેકકાયના જીવ પસંદ કરવામાં આવ્યો છે.

સાધારણ અને પ્રત્યેક કાયની સ્થાવરની એકેન્દ્રિય અવસ્થા જ સંસારી જીવને રહેવાનું કાયમી સ્થાન છે. સ્થાવરમાંથી બહાર નીકળી ત્રસ પર્યાયની દ્વિન્દ્રિય દશા પ્રાપ્ત કરવી પણ મહાદુર્લભ છે. અને ત્યાંથી આગળ વધીને મનુષ્ય જીવન પ્રાપ્ત થવું મહામુશ્કેલ છે. આ મનુષ્ય જીવનમાં આત્મહિતનો ઉપાય થઇ શકે છે અને તેના કારણે સંસાર અને તેનાં દુ:ખોનો અભાવ થાય છે. તેથી આપણને પ્રાપ્ત મનુષ્ય જીવનનો સદુપયોગ આત્મહિતની સાધના માટે કરવો જોઇએ. મૂળ છ ઢાળાના રચનાર પંડિત બુધજનજી આપણને આ માટે નીચેના શબ્દોમાં શીખ આપે છે.

(છંદ : જોગીરાસા)

**सुन रे ! जीव कहत हूँ तुझसे तेरे हित के काजे,**
**हो निम्चल मन जो तू धारे तो कुछ इक तोहि लाजे ।**
**जिस दु:ख से स्थावर तन पाया वरण सको सो नाहिं,**
**काल अनंतानंत रहो फिर जनम लीयो विकलत्रय मांही ।।**

**ભાવાર્થ :** સાંભળ રે જીવ ! તારા હિત માટે તને આ વાત કહું છું. આ વાત સ્થિર ચિત્ત થઇને તું અવધારીશ તો તને તારી જાત ઉપર લજ્જા આવશે કે અરે ! અત્યાર સુધી મેં આ શું કર્યું ? મિથ્યાત્વ અને મોહના ફળમાં હું કેટલો બધો દુ:ખી થયો ! સ્થાવર શરીર પામીને તું જે દુ:ખ પામ્યો છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. અનંતાનંત કાળ સુધી એકેન્દ્રિય અવસ્થાના દુ:ખો ભોગવીને તું વિકલત્રય થયો. (અને તેમાંથી આગળ વધીને મહાભાગ્યે મનુષ્યપણું પ્રાપ્ત થયું છે તો તેનો સદુપયોગ આત્મહિત માટે કર)
(પં. બુધજનજી રચિત છ ઢાળા : ઢાળ ૨ : ગાથા ૧, ૨ ના આધારે)

## સંદર્ભ સાહિત્ય


**પ્રાસ્તાવિક :** ૧. ધવલ : ૧/૧,૧,૩૩/ગાથા ૧૩૫/૨૩૯; ● ૨. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્થાવર : પાનું ૪૫૩.

**સ્થાવર કોને કહે છે :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૨/૧૭૧/૪; ૮/૧૧/૩૯૧/૧૦; ● ૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૨/૧૨/૩/૧૨૬/૪; ૮/૧૧/૨૨/૫૭૮/૨૯; ૨/૧૨/૪-૫/૧૨૭/૧; ● ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૬૧/૬; ૧૩/૫,૫,૧૦૧/૩૬૫/૪; ૧/૧,૧,૪૪/૨૭૬/૧; ૧/૧,૧,૩૯/૨૬૫/૬;

**સ્થાવરના પ્રકાર અને તેની સમજૂતી :** ૧. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૧૦; ૧૧૩ અને તેની ટીકા; ● ૨. મૂલાચાર : ગાથા ૨૦૫; ● ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૨૪; ૧૨૮; ● ૪. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૧૧; ● ૫. સ્યાદ્વાદમંજરી : ગાથા ૨૯ની ટીકા; ● ૬. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૪/૧૫-૧૬/૨૬/૧૭; ● ૭. ધવલ : ૧/૧,૧,૩૯/૨૬૫/૬; ● ૮. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૧૮ થી ૧૮૮.

**સ્થાવરના જીવનું સ્વરૂપ :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૨૨/૫૭૮/૨૯; ● ૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૧૧/૨૨/૫૭૮/૨૯; ● ૩. ગોમ્મટસાર; કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; જીવકાંડ : ગાથા ૧૨૫; ● ૪. ધવલ : ૧/૧, ૧,૧,૩૩/ગાથા ૧૩૫/૨૩૯; ● ૫. તિલોયપણ્ણત્તિ : અધિકાર ૫, ગાથા ૫; ● ૬. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૨૨, ૧૬૧, ૧૬૨, ૧૬૬, ● ૭. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્થાવર પાનું ૪૫૩,૪૫૪,૪૫૫.

**સ્થાવર જીવના કર્મોદયજન્ય દુઃખ :** ૧. સમયસાર : ગાથા ૪૫ ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૪/૩૮૦/૩; ૮/૩/૩૭૮/૧૦; ૮/૧૩/૩૬૪/૬; ૯/૧૦/૩૨૭; ૮/૪/૩૮૧/૧; ● ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૪/૨/૫૬૭/૩૨; ૮/૩/૪/૫૬૭/૨; ૮/૧૩/૨/૫૮૦/૩૨; ૩/૨૭/૩/૧૯૧/૨૪; ૮/૧૦/૨/૫૭૫/૧૨; ૩/૩૯/૩-૫/૨૦૯; ● ૪. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૮, સૂત્ર ૧૩; અધ્યાય ૯, સૂત્ર ૨૭; ● ૫. મૂલાચાર : ગાથા ૧૧૭, ૧૧૦૫થી ૧૧૧૧; ૧૨૩૪; ● ૬. પ્રવચનસાર : ગાથા ૧૧૭ ગાથા ૧૪૬ની ટીકા; ● ૭. ત્રિલોકસાર : ગાથા૩૨૮ થી ૩૩૦; ● ૮. ધવલ : ૯/૧,૯,૧,૧૦/૧૩/૩. ● ૯. જૈ. સિ. કોશ : ભાગ ૨ : જ્ઞાનાવરણીય પાનું ૨૭૦; ભાગ ૧ : આયુ ૧ પાનું ૨૫૭, ૭ પાનુ ૨૬૩; અંતરાય પાનું ૨૭; ભાગ ૨ : નામકર્મ પાનું ૫૮૩;● ૧૦.મો. મા. પ્ર. : અધિકાર ૨ અને ૩.

**ઉપસંહાર :** પંડિત બુધજનકૃત છ ઢાળા : ઢાળ ૨ : ગાથા૧,૨ના આધારે

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં □ ચોરસમાં દર્શાવો.**

**૧. એકેન્દ્રિય જીવો મુખ્યત્વે ક્યા બે પ્રકારે છે ?** ૧. □
A. સાધારણકાય અને પ્રત્યેકકાય
B. બાદર અને સૂક્ષ્મ
C. પર્યાપ્તક અને અપર્યાપ્તક
D. અપ્રતિષ્ઠિત અને સપ્રતિષ્ઠિત

**૨. કેવા જીવને સ્થાવર માનવો યોગ્ય છે ?** ૨. □
A. હલન ચલન વિનાનો સ્થિર હોય
B. સ્થાવર નામકર્મનો ઉદય હોય
C. એક શરીરમાં એક જ જીવ હોય
D. વનસ્પતિકાયનો હોય

**૩. પૃથ્વીકાયનો જીવ કોણ છે ?** ૩. □
A. સમગ્ર પૃથ્વી જેની કાયા છે તેવો જીવ
B. પૃથ્વી જ જેની કાયા છે તેવો એકેન્દ્રિય જીવ
C. પૃથ્વીની અંદરમાં રહેલા હાલતાચાલતા સૂક્ષ્મ જીવ
D. રેતી, કાંપ, માટી જેવો પૃથ્વીનો ભાગ

**૪. આપણને દેખાતા પાણીના એક ટીપામાં પાણીકાયના સ્થાવરના કેટલા જીવો હોય છે ?** ૪. □
A. ૩૬૪૫૦ B. અનંત C. અસંખ્યાત D. સંખ્યાત

**૫. લોખંડ ગાળવાની સતત પ્રક્રિયા ધરાવતી ભઠ્ઠીમાં ઊંદર જેવા હાલતા ચાલતા જોવા મળતા જીવ ક્યા પ્રકારના છે ?** ૫. □
A. નિગોદ B. અગ્નિકાયના સ્થાવર
C. વિકલેન્દ્રિય D. ત્રસ

**૬. વાયુકાયના જીવનો આકાર કેવો હોય છે ?** ૬. □
A. અનિયમિત B. ગોળ
C. લંબગોળ D. ધ્વજા જેવો લાંબો-ત્રાંસો

**૭. પ્રત્યેક વનસ્પતિકાયના સ્થાવરના જીવો ક્યા બે પ્રકારે છે ?** ૭. □
A. સાધારણ અને અસાધારણ
B. બાદર અને સૂક્ષ્મ
C. પર્યાપ્તક અને અપર્યાપ્તક
D. સપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત

**૮. સ્થાવર જીવોમાં સૌથી ઓછા જીવો ક્યા છે ?** ૮. □
A. વનસ્પતિકાય B. અગ્નિકાય
C. પૃથિવીકાય D. વાયુકાય

**૯. સ્થાવરના જીવો ક્યાં જોવા મળે છે ?** ૯. □
A. સંપૂર્ણ આકાશમાં B. સંપૂર્ણ લોકમાં
C. સંપૂર્ણ ત્રસનાલીમાં D. સંપૂર્ણ મધ્યલોકમાં

**૧૦. સ્થાવર પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ કેટલો છે?** ૧૦. □
A. અઢી પુદ્‌ગલ પરાવર્તન જેટલો કાળ
B. અનંતાનંત કાળ
C. બે હજાર સાગરોપમનો કાળ
D. બાવીસ હજાર વર્ષ

**૧૧. ક્યા પ્રકારના કર્મનું ફળ દુઃખ છે ?** ૧૧. □
A. બધાં જ પ્રકારના કર્મનું ફળ
B. અશાતા વેદનીય કર્મનું ફળ
C. બધાંજ પ્રકારના ઘાતિકર્મનું ફળ
D. બધાં જ પ્રકારના પાપકર્મનું ફળ

**૧૨. આ જગતમાં બધાં પ્રકારનાં દુઃખનું મૂળ કારણ શું છે?** ૧૨. □
A. પાપકર્મનો ઉદય B. મિથ્યાત્વ
C. પ્રતિકૂળતા D. ગરીબાઇ

**૧૩. સ્થાવર જીવોને કઇ લેશ્યા હોય છે ?** ૧૩. □
A. પીત, પદ્મ, શુક્લ જેવી શુભ લેશ્યા
B. કૃષ્ણ, નીલ, કાપોત જેવી અશુભલેશ્યા
C. શુભાશુભ મિશ્ર લેશ્યા
D. ક્યારેક શુભ અને ક્યારેક અશુભલેશ્યા

**૧૪. સ્થાવરના જીવોની ક્યા પ્રકારની હીનતા તેમના ક્ષાય અને તેના કારણે થતાં દુઃખની તીવ્રતા દર્શાવે છે?** ૧૪. □
A. પુણ્યોદયની હીનતા
B. ગોત્રની હીનતા
C. જ્ઞાન અને સામર્થ્યની હીનતા
D. પર્યાપ્તિની હીનતા

**૧૫. આ જગતમાં સૌથી દુઃખી જીવ કોણ છે ?** ૧૫. □
A. મનુષ્ય B. નારકી
C. વિકલેન્દ્રિય D. એકેન્દ્રિય

**૧૬. દાન દેવાની શક્તિ અને ભાવના હોવા છતાં દાન ન આપી શકે તો તેનું કારણ શું છે ?** ૧૬. □
A. દાન લેનારનો અભાવ
B. અશાતા વેદનીયના પાપકર્મનો ઉદય
C. દાન આપતાં રોકનાર સ્વજનો
D. દાનાંતરાય કર્મનો ઉદય

**૧૭. સ્થાવરના જીવોનું દુઃખ બહારથી જોઇ શકાતું નથી. તેનું શું કારણ છે ?** ૧૭. □
A. તેમને દુઃખ જ હોતું નથી
B. સુખી માણસ દુઃખીનું દુઃખ જોઇ શકે નહિ
C. તેમનામાં દુઃખ પ્રગટ કરવાની શક્તિ અને યોગ્યતા નથી
D. તેમનું દુઃખ ઘણું તીવ્ર હોવાથી બહારથી જોઇ શકાય તેવું હોતું નથી

**૧૮. વાસ્તવમાં આયુનો ઉદય આત્માને શેનું કારણ છે ?** ૧૮. □
A. સંસારી જીવના જન્મ-જીવન-મરણનું
B. સંસારી જીવના દુઃખનું
C. સંસારી જીવના સુખનું
D. સંસારી જીવના ભવધારણની શક્તિનું

**૧૯. આત્માનું સાચું કુળ કયું ?** **૧૯. ☐**

A. જૈનકુળ
B. વીતરાગતા
C. બાપદાદાનો વંશ
D. ગોત્રકર્મનો ઉદય

**૨૦. મનુષ્ય જીવનનો સદુપયોગ શામાં છે ?** **૨૦. ☐**

A. આત્માહિતમાં
B. સંયમ અને સદાચારમાં
C. સમાજની સેવા અને પરોપકારમાં
D. સત્તા અને સંપત્તિ મેળવવામાં

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોનો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. સ્થાવર કોને કહે છે ?
૨. સ્થાવર જીવોના ક્યા કારણે હલનચલન હોય છે ?
૩. સ્થાવર જીવોના કેટલા પ્રકાર છે ? તેના નામ આપો.
૪. પૃથ્વીકાયના જીવ કોને કહે છે ?
૫. પૃથ્વીકાયના જીવનું કદ અને આકાર જણાવો.
૬. પાણીકાયના જીવ કોને કહે છે ?
૭. પાણીકાયના જીવનું કદ અને આકાર જણાવો.
૮. અગ્નિકાયના જીવ કોને કહે છે ?
૯. અગ્નિકાયના જીવનું કદ અને આકાર જણાવો.
૧૦. વાયુકાયના જીવ કોને કહે છે ?
૧૧. વાયુકાયના જીવનું કદ અને આકાર જણાવો.
૧૨. પ્રત્યેક વનસ્પતિકાયના જીવ કોને કહે છે ?
૧૩. પ્રત્યેક વનસ્પતિકાયના જીવનો કદ અને આકાર જણાવો.
૧૪. સ્થાવરમાં અવતરનારો જીવ ક્યા પ્રકારનો હોય છે ?
૧૫. સ્થાવરમાં જીવને ક્યા પ્રકારના દુઃખની મુખ્યતા છે ?
૧૬. સ્થાવરના સૌથી ઓછા અને સૌથી વધુ જીવ ક્યા છે ?
૧૭. આત્માના સુખ ગુણને ઘાતનાર કયું કર્મ છે ?

### નીચેના પ્રશ્નોનો વિસ્તૃત જવાબ આપો.

૧. પૃથ્વીકાયના જીવની સાબિતી આપો.
૨. પાણીકાયના જીવની સાબિતી આપો.
૩. શા માટે પાણીને જાડા કપડાથી ગાળીને ઉપયોગ કરવો જોઇએ.
૪. અગ્નિકાયના જીવની સાબિતી આપો.
૫. વાયુકાયના જીવની સાબિતી આપો.
૬. પ્રત્યેક વનસ્પતિકાયના જીવની સાબિતી આપો.
૭. સ્થાવર જીવોના પ્રકારની સમજૂતી આપો.
૮. સ્થાવર જીવોને કુલ કેટલી પર્યાપ્તિ છે ? કઇ કઇ ? તેનું સ્વરૂપ જણાવો.
૯. પાંચેય પ્રકારના સ્થાવર જીવોની ઉત્તરોત્તર વધુ સંખ્યા કઇ રીતે છે તે જણાવો.
૧૦. જુદા જુદા સ્થાવર જીવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
૧૧. સ્થાવરના જીવની ગતિ–આગતિ જણાવો. (એટલે કે સ્થાવરમાં અવતરનારાં જીવ કઇ ગતિમાંથી આવે છે અને સ્થાવરમાંથી બહાર નીકળી બીજી કઇ ગતિમાં જાય છે તે જણાવો).
૧૨. જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મ કોને કહે છે ? તેના ઉદય અને ક્ષયોપશમ શું થાય છે ?
૧૩. સ્થાવરના જીવોને જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ કઇ રીતે દુઃખનું કારણ છે ?
૧૪. દર્શન મોહનીયકર્મ કોને કહે છે ? તેના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયથી શું થાય છે ?
૧૫. સ્થાવરના જીવને તેના દર્શન મોહનીયકર્મનો ઉદય કઇ રીતે દુઃખનું કારણ છે ?
૧૬. ચારિત્ર મોહનીય કર્મ કોને કહે છે. તેના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયથી શું થાય છે ?
૧૭. સ્થાવરના જીવને તેના ચારિત્ર મોહનીય કર્મનો ઉદય કઇ રીતે દુઃખનું કારણ છે ?
૧૮. સ્થાવરના જીવોનો કષાય બહારમાં પ્રગટ દેખાતો નથી. તો પછી તેમને તીવ્ર કષાયી અને તેના કારણે મહા દુઃખી કેમ જાણવા ?
૧૯. સ્થાવરના જીવોના જ્ઞાન અને સામર્થ્યની અત્યંત હીનતા જ તેમના કષાય અને તેના કારણે થતા દુઃખની અત્યંત તીવ્રતાને કઇ રીતે દર્શાવે છે.
૨૦. જુદા જુદા પ્રકારના જીવનો કષાય જ્ઞાન–સામર્થ્ય અને દુઃખની માત્રા દર્શાવતો કોઠો બનાવો.
૨૧. સ્થાવરના જીવોનું જ્ઞાન અને સમર્થ્ય નહિવત્ છે તો તેઓ શું કષાય કરે ? કેવી રીતે કરે ?
૨૨. અંતરાય કર્મ કોને કહે છે ? તેના ઉદય અને ક્ષયોપશમથી શું થાય છે ?
૨૩. અંતરાય કર્મનો ઉદય આત્માની કઇ કઇ શક્તિમાં કેવી રીતે અંતરાય કરે છે ?
૨૪. સ્થાવરના જીવોને તેનો અંતરાય કર્મનો ઉદય તેના દુઃખનું કારણ કઇ રીતે છે ?
૨૫. અશાતા વેદનીયનો પાપનો ઉદય અને અંતરાયના ઉદયમાં શો ફેર છે ?
૨૬. વેદનીય કર્મ કોને કહે છે ? તેના કેટલા પ્રકાર છે ? તેના ઉદયથી શું થાય છે ?
૨૭. મનુષ્યનું અશાતા વેદનીયના કારણે થતું દુઃખ જોઇ શકાય છે. પણ સ્થાવરનું આવું દુઃખ જોઇ શકાતું નથી. તો તેને દુઃખી કેમ માનવા ?
૨૮. આયુ કર્મ કોને કહે છે ? તેના ઉદયથી શું થાય છે ?
૨૯. સ્થાવર જીવોને તેના આયુકર્મનો ઉદય તેના દુઃખનું કારણ કઇ રીતે છે ?
૩૦. નામકર્મ કોને કહે છે ? નામકર્મનાં ઉદયના કારણે શું થાય છે ?
૩૧. સ્થાવર જીવને તેના નામકર્મનો ઉદય તેના દુઃખનું કારણ કઇ રીતે છે ?
૩૨. નામકર્મ આત્માની સ્વતંત્રતાને કઇ રીતે હણે છે ?
૩૩. ગોત્ર કર્મ કોને કહે છે ? ગોત્ર કર્મનાં ક્યા પ્રકાર છે ? તેને કારણે શું થાય છે ?
૩૪. સ્થાવર જીવને તેના ગોત્રકર્મનો ઉદય તેના દુઃખનું કારણ કઇ રીતે છે ?
૩૫. પંડિત બુધજન આપણને શું શીખ આપે છે ?

### વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. સ્થાવર જીવોના કુલ અઢાર પ્રકાર દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
૨. જુદા જુદા પ્રકારના સ્થાવરના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
૩. સ્થાવરના જીવનો ચારિત્ર મોહનીય કર્મોદયજન્ય દુઃખ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સ્થાવર જીવના વાસ્તવિક નમૂના બનાવી વિદ્યાર્થીઓને સ્થાવર જીવથી પરિચિત કરો.
૨. સ્થાવર અને ત્રસનો તફાવત સ્પષ્ટ કરો.
૩. બધાં જ પ્રકારના કર્મોનું ફળ જીવને કઇ રીતે દુઃખનું કારણ બને છે ? તેની આગમ, યુક્તિ અને અનુભવના આધારે સમજૂતી આપો.
૪. પુણ્યકર્મનું ફળ પણ દુઃખ હોય છે તે સમજવાની વિદ્યાર્થીઓમાં અભિરુચિ કેળવો. આ બાબતની વિસ્તૃત ચર્ચા આગળ ઉપર થશે તેની પૂર્વભૂમિકા તૈયાર કરો.